Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ અ. ફાગણ

## પદ—૮

( સાખી )

આનંદ અનુભવ ફૂલકી, નવલી કોઉ રીત,
નાક ન પકરે વાસના, કાન ગ્રહે ન પ્રતીત;

આત્માના અનુભવ જ્ઞાન રૂપ પુષ્પની કોઈ જુદા પ્રકારની રીત છે, કારણકે નાસિકાને તેની વાસ આવતી નથી. કાનમાં તેનો અવાજ કોઈ રીતે સંભળાતો નથી. અનુભવ જ્ઞાન રૂપ પુષ્પની પ્રતીતિ ખરેખર પાંચ ઇન્દ્રિયો દ્વારા થતી નથી. શબ્દો દ્વારા અનુભવ જ્ઞાન અન્યને સંભળાવી શકાતું નથી–એવું અનુભવ જ્ઞાન રૂપ પુષ્પ જુદાજ પ્રકારનું છે

રાગ ધન્યાશ્રી-સારંગ

(૧) અનુભવ નાથકું કયું ન જગાવે,
મમતા સંગસો પાય અજાગજ, થન તેં દુહાવે, (અ)

ચેતના અનુભવને કહે છે, હે અનુભવ ! તું તારા આત્મારૂપ સ્વામીને કેમ જગાડતો નથી ? મમતાની સંગતિથી તે બકરીના ગળામાં રહેલ સ્તનમાંથી શું દૂધ દોહી શકશે ? તારો સ્વામી મમતારૂપ કુલટાના સંગથી કદાપિ સુખ પામવાનો નથી.

(અનુસંધાન પેજ ૭૩ ઉપર )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૮૦ ] ફેબ્રુઆરી : ૧૯૮૩ [અંક : ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# —: અનુક્રમણિકા :—


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | હરિગીત પદ–બીજું | — | ૬૧ |
| ૨ | જૈન ધર્મની બાળપોથી | પં. શ્રી પૂર્ણાનન્દ વિજયજી ( કુ. શ્રમણ ) | ૬૨ |
| ૩ | અનુપમ શુભ ધ્યાનના પ્રતાપે. મહારાજા હરિવાહન શાશ્વત સુખના ભોક્તા થયા | મુનિરાજશ્રી હરિભદ્રસાગરજી મ. સા, | ૬૫ |
| ૪ | તપશ્ચર્યા એ અનાદી કાલિન કર્મ. સમુહને બાળવાની અમુલખને. અનુપમ મહાન જડીબૂટ્ટી | લે, તપસ્વી મુનિવર્યશ્રી હરિભદ્રસાગરજી મ. સા. ( આર્ય. રત્ન ) સુથરી. | ૬૭ |
| ૫ | પરિગ્રહ પરિમાણ વ્રત. | ( શ્રી વિમળનાથ ચરિત્રમાંથી ) | ૬૯ |
| ૬ | શાંત સુધારસ | પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી મ. સા. | ૭૧ |
| ૭ | દશ આશ્ચર્ય | — | ૭૪ |
| ૮ | નારણદાસ રામજી શાહ મેમોરિયલ હોસ્પીટલ | — | ૭૫ |



**રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) ફોર્મ–૪ નિયમ ૮ પ્રમાણે**

**" આત્માનંદ પ્રકાશ " સંબંધમાં નીચેની વિગતે પ્રગટ કરવામાં આવે છે.**

૧ પ્રસિદ્ધિ સ્થળ : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેઈટ–ભાવનગર

૨ પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ

૩ મુદ્રકનું નામ : શ્રી સ્વ. શેઠ હરિલાલ દેવચંદ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : આનંદ પ્રી. પ્રેસ સુતારવાડ ભાવનગર

૪ પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, વતી, શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત
કયા દેશના ; ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા ખારગેઈટ- ભાવનગર

૫ તંત્રીનું નામ : શ્રી પોપટલાલ રવજીભાઇ સલોત
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

૬ સામાયિકના માલિકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

આથી હું, પોપટલાલ રવજીભાઇ સલોત જાહેર કરૂં છું કે ઉપર આપેલી વિગતો અમારી જાણ તથા માન્યતા મુજબ બરાબર છે.

તા. ૧૬–૨–૮૩ **પોપટલાલ રવજીભાઇ સલોત**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આત્માનંદ પ્રકાશનો વધારો

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

# પરિપત્ર

સુજ્ઞ સભાસદ બંધુઓ/બહેનો.

આ સભાના સભ્યોની સામાન્ય સભાની બેઠક નીચેના કાર્યો માટે સં. ૨૦૩૯ના પ્રથમ ફાગણ સુદ ૧૫/તા. ૨૭–૨–૮૩ રવિવારના રોજ સવારના ૧૦–૩૦ કલાકે શ્રી આત્માનંદ ભુવનમાં શેઠશ્રી ભોગીલાલભાઈ લેકચર હોલમાં મળશે તો આપ અવશ્ય પધારવા તસ્દી લેશો.

કાર્યો :—

(૧) તા. ૨૮–૨–૮૨ ના રોજ મળેલી સામાન્ય સભાની બેઠકની કાર્યવાહીની શુદ્ધ નોંધ મંજૂર કરવા.

(૨) સંવત ૨૦૩૮ની સાલના આવક–ખર્ચના હિસાબ તથા સરવૈયા મંજૂર કરવા.
આ હિસાબ તથા સરવૈયાં વ્યવસ્થાપક સમિતિએ મંજૂર કરેલ છે. તે સભ્યોને જોવા માટે સભાના ટેબલ ઉપર મૂકેલ છે.

(૩) સંવત ૨૦૩૯ની સાલના હિસાબ ઓડિટ કરવા માટે ઓડિટરની નિમણુંક કરવા તથા તેનું મહેનતાણું નક્કી કરી મંજુરી આપવા.

(૪) સંવત ૨૦૩૯થી ૨૦૪૧ના ત્રણ વર્ષ માટે હોદ્દેદારો તથા વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી કરવા.

(૫) પ્રમુખશ્રીની મંજુરીથી મંત્રીઓ રજુ કરે તે.

લી. સેવકો,

**અમૃતલાલ રતીલાલ ભગતભાઈ**
**હીંમતલાલ અનોપચંદ મોતીવાળા**
**પ્રમોદકાન્ત ખીમચંદ શાહ**
માનદ્ મંત્રીઓ,

તા. ૧૬–૨–૮૩
**ભાવનગર**

**તા. ક.**–આ બેઠક કોરમના અભાવે મુલતવી રહેશે તો તે જ દિવસે બંધારણની કલમ ૧૧ અનુસાર અર્ધા કલાક પછી ફરી મળશે અને વગર કોરમે પણ ઉપરની કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

3149

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦ ] વિ. સં. ૨૦૩૯ અ. ફાગણ : ફેબ્રુઆરી-૧૯૮૩ [ અંક : ૪


## હરિગીત પદ–બીજું

શિર પેચ બાંધી પાઘડી, સર્વે જનો શું દાખવે ?
વિશ્વાસ નહિ એ જિંદગીનો, પાઘડી એમ સૂચવે;

ઘડિયાળ શા માટે બજાવે, જાણીને નશ્વર ભવો,
હે મુગ્ધ ઘડિયાળી ! હવે તું બંધ કર ઘટિકારવો;

કાળમાન જ જાણતો વળી ઘોષથી તું બતાવતો,
એ આત્મષડ્ગુણહાનિ વૃદ્ધિ અકળતા ન પીછાનતો,

ઇષ્ટ કરજે આત્મ ઘટિકા ભાવ જેમાં અભિનવો
હે બાહ્ય ઘડિયાળી ! હવે તું બંધ કર ઘટિકારવો;

આત્માનુભવ રસપૂર્ણ જે છે અન્યને અવકાશ નહિ
આત્મઘટિકા જાણતા વિરલા મનુષ્યો અન્ય નહિ,

આનંદઘન અવિચળ કળાના યોગને જો પામવો
ઓ સુજ્ઞ ઘડિયાળી ! હવે તું બંધ કર ઘટિકારવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મની બાળપોથી (૨)

લેખક: પં. શ્રી પૂર્ણાનન્દ વિજયજી [કુમાર શ્રમણ]

**જ્ઞાનદશા :-**

અનાદિકાળથી આપણે, માતા-પિતા-લાડી વાડી અને ગાડી વગેરે પર-પદાર્થોને જ ઓળખી શક્યાં છીએ. તથા તેમની સાથેના માયાચક્રમાં જ આપણે, અનાદિકાળના અનંત ભવોમાં સર્વથા ભાન ભૂલીને બેઠા છીએ તેવી રીતે આત્મધર્મ સ્વ-ધર્મ અથવા ધાર્મિકતાથી સર્વથાભિન્ન હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહરૂપ પર ધર્મ વૈભાવિક-ધર્મ એટલે પૌદ્‌ગલિક ધર્મના નશામાં મસ્તાન બનીને શરીરરૂપી ભાડાના મકાનમાં બિરાજમાન થયેલા અનંત શક્તિના માલિક આત્મદેવને ઓળખવા માટે કયારેય અવસર મેળવી શક્યા નથી, માટે જ **पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननी जठरे शयनम्** "અર્થાત્ ફરી ફરી જન્મવું, વૃદ્ધ થવું, અને મરવું રૂપ ખેલ તમાશા રમવામાં જ અનાદિકાળના અનંતભવો સાબરમતી નદીમાં લીંપણ કરવા જેવા બેકાર ગયા છે.

'**ज्ञायते आत्मतत्त्वमिति ज्ञानम्**' જેનાથી પોતાનો આત્મ અને તેનું સ્વરૂપ યથાર્થરૂપે જણાય તેને સમ્યગ્‌જ્ઞાન કહેવાય છે, કેમકે આત્માની ઓળખાણ વિના પરમાત્માની ઓળખાણ આકાશમાંથી પુષ્પ ઉતારવા જેવી છે. અને તે વિના વિતરાગતા, સમતા, દયાલુતા, ઈત્યાદિક આત્માની દૈવી સંપત્તિઓ સર્વથા અશક્ય છે, તો પછી તેના અભાવમાં સુખ-શાન્તિ અને સમાધિની વાતોનો અર્થ કયો ? કેમકે સુખ-શાન્તિ અને સમાધિનો ઉદ્‌ભવ અને વર્ધન આત્મા સિવાય બીજા એકેય ભૌતિક પદાર્થોથી શક્ય નથી જ તેથી સમ્યગ્‌જ્ઞાન અને મિથ્યાજ્ઞાનમાં શું તફાવત છે ? તેને ગુરૂગમથી સમજી લેવામાંજ આત્માનું શ્રેય છે.

**પદાર્થોનું સત્યસ્વરૂપ :-**

જડ અને ચેતન પદાર્થોનું મિશ્રણ જ સંસાર છે એટલે કે, પ્રત્યક્ષ દેખાતા આ સંસારમાં આ બંને પદાર્થો સિવાય બીજું કંઈપણ છે જ નહિં. જડ (પૌદ્‌ગલિક) અને ચેતન (આત્મા) રૂપ પદાર્થોમાંથી કેટલાક ચર્મચક્ષુઓથી દશ્યમાન (જોઈ શકાય તેવા) અને કેટલાક અદશ્યમાન (છદ્મસ્થથી ન જોય શકાય તેવા) છે. તે બંધાય દશ્યમાન કે અદશ્યમાન પદાર્થોને જૈન પરિભાષામાં 'દ્રવ્ય' કહેવામાં આવે છે. અને તેમનું લક્ષણ **गुणपर्यायवत्त द्रव्यम्**' તત્ત્વાર્થ સુત્રમાં કહેવામાં આવ્યું છે, દ્રવ્યમાત્ર ગુણ અને પર્યાયમય જ હોય છે કેમકે આખાય બ્રહ્માંડમાં ગોતતા પણ એવું એકેય દ્રવ્ય જે પર્યાયને ધારણ કર્યા વિનાનું કે ગુણવિનાનું કયારેય પણ મળવાનું નથી. સારાંશ કે ગુણ અને પર્યાયો વિનાના દ્રવ્યો હોતા નથી, તેમજ ગુણ અને પર્યાય જે આધેય છે તે આધારરૂપ દ્રવ્યને છોડી બીજે ક્યાંય રહેતા નથી, તેમ દિવ્યચક્ષુવાળાને પણ ક્યાંય દેખાતાં નથી. સૌને માટે સર્વથા પ્રત્યક્ષ રહેલા 'ઘડા' નું ઉદાહરણ લઈને વાત કરીએ, તે જો સુવર્ણનો હોય તો તેમાં સુવર્ણ દ્રવ્ય છે, માટીનો હોય તો માટી દ્રવ્ય છે, ત્યારે વ્યવહારની ભાષામાં બોલાતું 'ઘટ' એટલે શું ?

જૈન શાસનમાં માટી દ્રવ્યમાંથી કુંભાર આદિના પ્રયત્ન વિશેષથી જે આકાર વિશેષ બનવા પામે છે, તેને 'ઘટ-ઘડો' કહેવાય છે. સુવર્ણના અમુક આકારને 'બંગડી' વગેરે કહેવાય છે. આમ ઘડામાં માટી એ દ્રવ્ય છે, બંગડીમાં સુવર્ણ દ્રવ્ય છે. ખમીસમાં કપડું એ દ્રવ્ય છે જ્યારે માટીમાંથી બનેલા આકાર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિશેષને પર્યાય કહેવાય છે. સુવર્ણ દ્રવ્યમાંથી ઘડાયેલા બંગડી-હાર-કંદોરો-વીંટી વગેરે પર્યાયો છે. કપડાના કોરા થાન (તાકા)માં બનેલા કોટ ખમીશ-પેંટ-પાયજામો વગેરે પર્યાયો છે. તેવી રીતે 'જીવ' જેમાં રહેલ છે તે મનુષ્યનું શરીર કૂતરાનું શરીર, દેવનારકનું શરીર કે કીડા મકોડા તથા વનસ્પતિ જેને આપણી વ્યવહાર ભાષામાં લીંબડો, વડ, આંબો, પીપલો કહેવાય છે તે બધાયને પર્યાયો કહેવાય છે દ્રવ્ય નહિં. આ પ્રમાણે સંસરમાં કેટલીક દેખાય છે અને કેટલાક દેવ નારક તથા દેશ દેશાન્તરમાં રહેલી વસ્તુઓ દેખાતી નથી. છતાંય તે પ્રત્યેકમાં દ્રવ્ય અને પર્યાય રૂપે બે તત્ત્વોની વિદ્યમાનતા સૌને માટે પ્રત્યક્ષ છે

આપણા વ્યવહારમાં પર્યાય અવસ્થાજ કામમાં આવે છે દ્રવ્ય તરીકે રહેલ સુવર્ણની લગડીઓ કે પાટને ગળામાં લટકાવીને કોઈને ફરતો જોયો નથી. પણ જ્યારે તે સુવર્ણ દ્રવ્યના પર્યાયરૂપે હાર-કંદોરો કે બંગડી વગેરે જ કામ આવે છે, તેમ પાણી ભરવા માટે માટી (દ્રવ્ય) કોઈને કયારેય કામમાં આવ્યું હોય, તે કોઈને એટલેકે તકવાદી, વિતંડાવાદી, છળપ્રપંચવાદીઓને પણ જાણવામાં આવ્યુ નથી, પરન્તુ તેમાંથી બનેલ ઘર, કળશ, ઘડો, હાંડી માટલો વગેરે પર્યાયો કામમાં આવે છે તે પ્રમાણે અરૂપી હોવાના કારણે અદશ્ય રહેલું જીવ દ્રવ્ય પોતાના ઉપાર્જિત કર્મોના ઋણાનુબંધનોને ભોગવવા માટે જ્યારે મનુષ્ય પર્યાય સ્ત્રીપર્યાય શ્રીમન્તપર્યાય, ગરીબપર્યાય, સુરૂપપર્યાય, કુરૂપપર્યાયોને ધારણ કરે છે ત્યારે જ વ્યવહાર એટલે સંસાર ચાલે છે અને આના કારણેજ પ્રત્યેક પ્રદેશનો માણસ પોતપોતાની ભાષામાં અથવા સંકેતમાં કે ચેષ્ટામાં આ ઘડો છે, કોટ છે, પુરૂષ છે, સ્ત્રી છે, શ્રીમન્ત છે, ગરીબ છે, કાગડો-ઉંટ-હાથી કે આ કીડી છે વગેરે શબ્દોનો પ્રયોગ કરે છે અને તે પ્રકારેજ વ્યવહાર ચાલે છે.

આવો પ્રત્યક્ષ દેખાતો વ્યવહાર '**सत्य ब्रह्म मिथ्या जगत्**' સુત્ર પ્રમાણે અસત્ છે ગધેડાના સિંગની જેમ અસત્ છે; આ વાતને, સંસારના પ્રત્યેક પ્રસંગનો સ્વયમેવ અનુભવ કરીને સુખ, દુઃખ, સંયોગ વિયોગ, આદિ પર્યાયોને ભોગવતો કોઈપણ સહૃદય માણસ કેવી રીતે સત્ય માની શકશે ? જેમકે-: મને ભૂખ લાગી, તરસલાગી, ઠંડી ગરમી લાગી, તાવ આવ્યો, સ્ત્રીનો વિયોગ અસહ્ય લાગ્યો, આદિ દુઃખના પર્યાયો તથા મેં ખાધું, પીધુ, ગરમ કપડા પહેર્યા, ફળફ્રુટ ખાધા, પરણ્યો, સંસારના વિલાસો માણ્યા, પુત્રનો બાપ થયો, શ્રીમંતથયો આદિ સુખના પર્યાયોના કારણે સુખદુઃખનો અનુભવ કરતો આત્મા અસત્ છે. અને તેના સુખદુઃખો પણ અસત્ છે. આ વાતને સર્વથા નિરક્ષર કે ગાંડો માણસ પણ સત્ય માની શકે તેમ નથી. માટે સંસાર કોઈ કાળે પણ અસત્ હતો નહિ અને થશે પણ નહિ તેવી રીતે દ્રવ્યો, ગુણો અને પર્યાયોનો સહભાવી કે ક્રમભાવી સંબંધ પણ અસત્ નથી.

પ્રત્યક્ષ એટલે આંખે દેખાતો અને અનુભવાતો ઘટ-પટ-અને શરીરાદિપર્યાયો એકાન્તે સર્વથા અનિત્ય છે અને જીવ આકાશાદિ પદાર્થો એકાન્તે સર્વથા નિત્ય છે, આવી રીતની કલ્પના ગમે તેના શાસ્ત્રોની હોય તો પણ નજરે દેખાતો સંસાર અને પ્રતિક્ષણે બદલાવી તેની માયાને જોયા પછી, બુદ્ધિજીવી, આધ્યાત્મિક માણસને કપોળ કલ્પિત સિદ્ધાન્તો ગળે ઉતરે તેવા નથી, કેમકે અનાદિ-કાળથી માટી દ્રવ્ય ઘટાદિ અનંતાનંત પર્યાયોમાં પરિવર્તિત થયું છે, તો પણ તેનો નાશ કયારેય થયું નથી, બંગડી તોડાવીને કંદોરો, બનાવ્યો, તેને તોડાવી કુંડળો બનાવ્યા ઈત્યાદિક સમ્પૂર્ણ પર્યાયોમાં સૂવર્ણદ્રવ્ય પોતાના રંગથી કે વજનથી કયાંય પણ નાશપામતું નથી અને હજારો પ્રયત્નો-થી પણ નાશ પામતું નથી કારણ કે પર્યાયોની જેવી વ્યવસ્થા છે, તેવીજ અનુભવમાં આવે છે. અને આ અનુભવજ સત્ય સિદ્ધાન્ત છે. જે ત્રિકાળા બાધિત હોય છે, જીવાત્માએ પણ અનંત ભવોમાં નવાંનવાં શરીરો, પર્યાયો-આકારો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ધારણ કરેલા છે તેમ છતાં જીવ ક્યારેય નાશ પામતો નથી, સારાંશ કે આકાર વિશેષમાં દ્રવ્યની અને દ્રવ્યમાત્રમાં પર્યાયોની વિદ્યમાનતા નિશ્ચિત છે.

'ઘડો ફૂટયો' આમ જ્યારે આપણે બોલીએ છીએ ત્યારે ઘડાના આકારમાં રહેલું માટી દ્રવ્ય ફૂટતું નથી પણ પર્યાય અર્થાત્ જેમાં પાણી ભરીને પીવાય તે ઘટ નામનો આકાર ફૂટે છે, ચાંપસીભાઈ મર્યા આમાં તેમનું શરીર મરે છે પણ તેમનો અજર-અમર આત્મા મરતો નથી આવી રીતનો અનુભવ અને વચનવ્યવહાર માનવ માત્ર કરે છે. તેથી તે સિદ્ધાન્ત બુદ્ધિગમ્યની સાથે અનુભવગમ્ય અને યુક્તિગમ્ય છે.

આવી દિવા જેવી સ્પષ્ટ વાતોમાં આપણે કદાચહ અને વિપરીત જ્ઞાનના કારણે પોતપોતાના ધર્મશાસ્ત્રોનો આધાર લઈને જ્યારે વાણી કલહ કરીએ ત્યારે નક્કી છે કે આપણે સૌ પદાર્થમાત્રની જૂદી જૂદી અપેક્ષાઓને ધ્યાનમાં લેતાં નથી, 'જે તૃણથી લઈ યાવત્ સિદ્ધશિલામાં બિરાજમાન સિદ્ધાત્માઓમાં પણ દ્રવ્ય અને પર્યાયોની સત્યસ્વરૂપતા વિદ્યમાન છે' તેમ છતાં સર્વથા એકાન્ત પક્ષમાં તણાઈને તથા પ્રત્યક્ષ દેખાતાં બીજા પક્ષને ધ્યાન બહાર કરીને પદાર્થોના સ્વરૂપને વિપરીતરૂપે પ્રકાશિત કરવામાં બુદ્ધિના દુરૂપયોગની સાથે વ્યક્તિત્વને, સમાજને, કે દેશને કદરૂપો બનાવવાથી કોઈને પણ કયો ફાયદો ? અને અત્યાર સુધીના ભારત દેશના ઇતિહાસને જોયા પછી જેટલા યુદ્ધો, મારામારીઓ, ડંડાડંડીઓ કે વાક-કલહો ધર્મના માટે થયા છે તેટલા બીજા માટે નહિં જ. વેદાન્તીઓએ જૈનોને નાસ્તિક કહ્યાં, વળતાં જવાબમાં જૈનોએ મિથ્યાત્વી કહ્યા, વૈષ્ણવએ સૌને કુસંગી અને આર્યસમાજીઓએ સૌને અનાર્ય કહ્યાં હિન્દુઓએ મુસલમાનોને મ્લેચ્છ અને વળતા જવાબમાં મુસલમાનોએ હિન્દુઓને કાફર કહ્યાં, શ્વેતામ્બરોએ દિગમ્બરોને નાગા કહ્યાં અને તેમણે, શ્વેતામ્બરોને સર્વથા શિથિલાચારી કહ્યાં આવી રીતે ધર્મના નામે, મોક્ષના નામે, પરમાત્માના નામે સૌ લડતા ગયા ઝઘડતાં ગયા, અને પરિણામે ભારતદેશ સર્વથા કમજોર થયો જેના ફળો પ્રત્યેક ભારતવાસી આજે પણ ભોગવી રહ્યો છે. (અપૂર્ણ)


## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

卐

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**
ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

તા. ક. : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુપમ શુભ ધ્યાનના પ્રતાપે........
# મહારાજા હરિવાહન શાશ્વત સુખના ભોક્તા થયા....

મુનિરાજશ્રી હરિભદ્રસાગરજી મ. સા.

પરમ તારકશ્રી જિનેશ્વર ભગવંતો ધર્મનો ઉપદેશ દેતા જણાવે છે કે આ અસારતમ અપાર એવા સંસારમાં લેશમાત્ર સુખ નથી. સાચા અર્થમાં સુખી થવું હોય તો એજ અમુલખ શ્રી જૈનધર્મનું શરણ લઈ, શુભધ્યાન-ધર્મ ધ્યાન કરી પ્રાંતે શાશ્વત સુખી થવાય છે. અહિં શાસ્ત્રકારો તો ત્યાં સુધી ફરમાવી ગયા છે કે ધર્મ ધ્યાન-શુભધ્યાન દ્વારા અનાદિ અનંત કાલિત કર્મ સમુહ નાશ પામે છે ને એજ શુભધ્યાન દ્વારા વિશ્વની સર્વોત્કૃષ્ટ પદવી તીર્થંકર પદવી પ્રાપ્ત થાય છે. આપણે એ શુભ ધ્યાનના પ્રતાપે હરિવાહન મહારાજાએ તીર્થંકર પદવી પ્રાપ્ત કરી તેમનું કથાનક જોઈએ.

અતિશય ઋદ્ધિથી ભરપુર આ ભરત ક્ષેત્રમાં અનેક મહેલો યુક્ત સાકેતપુર; નામે મનોહર નગર હતું. શત્રુઓને ત્રાસ આપનાર, સૂર્ય સમાન પ્રતાપવાળો, શૌર્યાદિ ગુણોયુક્ત હરિવાહન નામે રાજા નગરમાં ન્યાય નીતિથી રાજ્ય કરતો હતો. રાજાને શીલવંતી-રાણી ને ધર્મીષ્ઠ એવી પ્રેમકાંતા નામે રાણી હતા. રાજા-રાણી સારી રીતે સુખ સમૃદ્ધિમાં સંસારસુખ ભોગવતા દિવસો પસાર કરતા હતા. રાજાને મેઘવાહન નામે નાનોભાઇ યુવરાજ હતો, એ યુવાન વડિલ-બંધુ મહારાજાની આજ્ઞા સારી રીતે પાળતો વિનયથી વર્તતો હતો. મહારાજા હરિવાહન અન્ય સર્વ કળાઓમાં કુશળ હતો. કિન્તુ ધર્મ કરવામાં અતિશય આળસુ હતો તેમ યુવરાજ-મહારાણી-યુવરાણી કુમુદમાલા વિ. ધર્મીષ્ઠ હતા.

એકદા તે નગરના ઉદ્યાનમાં ભવ્ય જીવો રૂપી કમળોને વિકસ્વર કરવામાં સૂર્ય સમાન ચાર જ્ઞાનવાળા શ્રી શીલભદ્ર નામે ઘણા મુનિઓથી પરિવરેલા આચાર્ય ભગવંત પધાર્યા. તેમને વાંદવા-ઉપદેશ સાંભળવા યુવરાજ રાણી-શેઠ-સામંત વિ. પ્રજાજનો ગયા પણ મહારાજા પ્રમાદના કારણે ન ગયા. આ બાજુ યુવરાજ વિગેરે વંદન કરી ઉપદેશ સાંભળવા બેઠા. આચાર્ય ભગવંતે ઉપદેશ શરૂ કર્યો ત્યાંજ મહારાજા અચાનક ઘોડા ઉપર બેસી ફરવા નીકળેલા તે એજ ઉદ્યાનમાં પહોંચી આવ્યા, અહિં તો મેઘ ગંભીર ઉપદેશ ચાલુ હતો આ ઉપદેશ સાંભળી મહારાજાને પણ ભવિતવ્યતા વશ ઉપદેશ સાંભળવાની ઇચ્છા થઇ તે પણ ઘોડા ઉપરથી ઉતરી વંદન કરી આગળ બેસી ગયા. આચાર્ય ભગવંતની અમૃતની ધારા સમાન દેશનાનો પ્રવાહ શરૂ થયો......

અહો ભવ્યજનો આ અસારતમ સંસાર સાગરમાં જે જડબુદ્ધિ પ્રાણિ મનુષ્યજન્મ, આર્યદેશ ઉત્તમકુળ જે ધર્મ-નિરોગી દેહ અને તિક્ષ્ણ બુધ્ધિ વગેરે અનુકુળ સાધનો મેળવીને પણ ધર્મને વિષે આદર નથી કરતા, ને જીવો પાછળથી પસ્તાય છે તે માટે શાસ્ત્રકારો કહી ગયા છે કે.

**आदित्यस्य गतागतै रहरहः संक्षीयते जीवितम्**
**व्यापारै बहु कर्म भार गुरूभिः कालो न विज्ञायते,**
**दृष्टवा जन्म जरा विपत्ति मरणं, त्रासश्च नोत्पद्यते, पीत्वा मोह मयी प्रमाद मदिरा,**
**मुन्मत्तभूतं जगत् ॥ १॥**

દિન દિન પ્રતિ સૂર્યના ઉદય અને અસ્તથી જીવિતક્ષિણ થતું જાય છે, ઘણા કાર્યના ભારથી બોજાવાળા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વ્યાપારો વડે કેટલો કાળ ગયો, તે જાણી શકાતો નથી, લોકોનાં જન્મ જરા વિપત્તિ અને મરણ જોઈને ત્રાસ થતો નથી તેથી જણાય છે કે મોહમય મદિરા પીને આ જગત ઉન્મત્ત થયેલું છે...

જે ભવ્ય જીવ પ્રમાદ રહિત ધર્મકાર્યમાં ઉદ્યમ કરે છે તે જીવ શીઘ્રતાથી ઇષ્ટ વસ્તુની શાશ્વત સુખની પ્રાપ્તિ કરે છે... માટે હે ભવ્ય જીવો માનવો...! તમે સામે દેખાતા અસારતમ સંસાર સાગરને જલ્દી છોડીને જિનેશ્વર ભગવંતોનું શરણ લઇને જલ્દીથી મુક્તિનિલયે પહોંચી જાઓ. આ પ્રમાણે શ્રી ગુરૂમુખે અનુપમ એવી દેશના સાંભળીને હરિવાહન મહારાજા સંવેગ રંગ ભવનિર્વેદને પામ્યા ને તરત જ ત્યાંથી વંદન કરી નગરમાં જઇ યુવરાજ મેઘવાહનને રાજ્યાસન પર સ્થાપીને મહારાણી પ્રેમકાંતા વિ અંતઃપુર સહિત ગુરૂ પ.સે જિનેન્દ્ર મહોત્સવ કરી ધામધુમથી ચારિત્ર અંગીકાર કર્યું, અનુક્રમે રાજર્ષિમુનિ દ્વાદશાંગીનું અધ્યયન કરી નિર્મળ સંયમનું પાલન કરતા અવાન તલપર વિચરવા લાગ્યા. અન્યદા ગુરૂમુખેથી વીશ સ્થાનક સબંધી વ્યાખ્યાન સાંભળ્યું તેમાં તેરમા શુભધ્યાન પદ વિષે એવું સાંભળ્યું કે "જે કોઈ ભવિઆત્મા સમતાપૂર્વક સમ્યગ્ ભાવયુક્ત સ્થિર ચિત્તથી નિર્મળ ધ્યાન ધ્યાવે છે, તે પ્રાણી અલ્પ કાળમાંજ લોકોત્તર લક્ષ્મીને પામે છે" એ રીતે ગુરૂમુખે શ્રવણ કરી રાજર્ષિમુનિ હર્ષ પૂર્વક તેરમા શુભધ્યાન પદનું આરાધન કરવા લાગ્યા. પ્રમાદ રહિત નિઃકષાય પણે સ્થિર ચિત્તથી નિરંતર મૌનગ્રહી પ્રતિમા ધારી ઉજ્જવલ લેશ્યાથી શુભધ્યાન ધ્યાવતા સમય નિર્ગમન કરવા લાગ્યા...

એક દિવસ શક્રેન્દ્રે દેવસભામાં રાજર્ષિમુનિની પ્રશંસા કરી કહ્યું કે "મેરૂપર્વતની પેઠે નિઃપ્રકમ્પ ચિત્તથી ધ્યાનમાં લીન થયેલા રાજર્ષિ હરિવાહન મુનિને ધ્યાનથી ચૂકવવા માટે ખૂદ દેવતા પણ શક્તિમાન નથી," એ પ્રમાણે સુરપતિના મુખથી પ્રશંસા શ્રવણ કરી ઇન્દ્રની એક અગ્ર મહિષી તે પર શંકા લાવી મુનિની પરીક્ષા કરવા માટે દેવાંગનાઓના સમુહ સહિત જ્યાં મુનિશ્રી ધ્યાનમાં હતા ત્યાં આવી, વિવિધ પ્રકારના નૃત્ય અને સંગીતના આલાપ કરવા લાગી, કે જે જોઇને બીજો હીનસત્વ વાલો પ્રાણી તરતજ વિહવલ થઇ જાય, પરંતુ મહાન ધૈર્યવાન રાજર્ષિ તો કેવળ નાસાગ્રે નેત્ર સ્થાપી નિર્મળ ધ્યાનમાં જ લીન રહ્યા. નૃત્યકળા કે સંગીત કે હાવભાવ તરફતો દૃષ્ટિ પણ ન કરી. એ રીતે દેવાંગનાઓએ છ માસ સુધી નાટક કર્યું પણ જે અડગ છે. નિશ્ચલ છે, તે કોઇપણ રીતે અનુકુલ યા પ્રતિકુલ ઉપસર્ગે પણ ચલાયમાન ન થયા. અંતે એ ઇન્દ્રાણી વિ. દેવીઓ જ્યારે થાકી ત્યારે પ્રગટ થઇ મુનિની પ્રશંસા કરી સ્વસ્થાન કે ગઈ. હરિવાહન રાજર્ષિ પણ નિર્મળ ધ્યાનના અમુલખ પ્રભાવે સર્વોત્કૃષ્ટ એવું શ્રી તીર્થંકર–જિનનામ કર્મ ઉપાર્જન કરી આયુષ્ય પૂર્ણ કરી સનતકુમાર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં જિનપદ પામી અનંત અવ્યાબાદ શાશ્વત સુખના ભોક્તા થશે. આવો છે શુભ ધ્યાનનો અમુલખ અનુપમને આશ્ચર્યકારી પ્રભાવ...! તો સૌ કોઈ સંસાર વિરક્ત્ત આત્માઓ શ્રીજિન શાસનનું શરણ લઇ એ શાસનને આરાધી શીઘ્રતયા મુક્તિ રમણીને પ્રાપ્ત કરો !



## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તપશ્ચર્યા એ અનાદી કાલિન કર્મ સમુહને બાળવાની.... અમુલખને અનુપમ મહાન જડીબુટ્ટી....

: લેખક :
પૂ. તપસ્વી મુનિવર્યશ્રી હરિભદ્રસાગરજી મ. સા. (આર્ય રત્ન) સુથરી મહાતીર્થ કચ્છ

ત્રિલોકનાથ પરમતારક, વિશ્વ વાલેશ્વર, કરુણાસિંધુ, જગસાર્થવાહ, શ્રીજિનેશ્વર ભગવંતો આ અસારતમ સંસાર અટવીમાંથી સમગ્ર જીવોને તારવા માટે, શાશ્વત સુખ મેળવવા માટે અમુલખને અનુપમ ધર્મનો ઉપદેશ આપતા ગયા છે. મુખ્ય દાન શીલ-તપ અને ભાવરૂપ ચાર પ્રકારે ધર્મ વિશેષ રીતે આરાધી શકાય. એ ચાર પ્રકારોમાં પણ જે તપ પ્રકાર છે એ એક અજોડને સમર્થ કર્મ સમુહને બાળવા માટેનો સાધન છે, અનાદિ અનંતકાલથી થરના થર કર્મો જામેલા એવા આપણા આત્માને જલ્દીથી એ કર્મ ભંડારથી છુટવું હશે તો જરૂર જિનોક્ત તપ રૂપ ધર્મને સ્વિકારવો પડશે. શાસ્ત્રકારો તો કહી ગયા છે કે સમતા સહિત કરવામાં આવતા તપધર્મથી નિકાચીત કર્મ પણ શીઘ્રતયા ક્ષીણ થઇ શકે છે તો પછી બીજા કર્મોનું કહેવું જ શું ?

પ્રદીપ્ત કરેલા તપ અગ્નિ વડે અશુદ્ધ એવું જીવન સુવર્ણ વિશુદ્ધ થઈ શકે છે, એટલે તીવ્ર તપ સેવનથી આત્મા ઉજ્વલતમ થાય છે... તીર્થંકરોએ પોતે પણ એ અમુલખ તપ સેવ્યો છે, અને તેથી અદ્દભુત લાભ જાણી ભવ્ય જીવોના હિતાર્થે તીર્થંકર ભગવંતોએ જ તપનું સેવન કરવા જણાવેલું છે. તપથી દ્રવ્ય ભાવ લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે, ભવસંતતિનો ક્ષય થાય છે, રોગોનું નિર્મૂલન થાય છે, કર્મ સમુહનો અંત થાય છે, વિઘ્નો વિખરાય જાય છે, ઇન્દ્રિયોનું દમન થાય છે, મંગળમાળા સમસ્ત ત્રિભુવનમાં વિસ્તરે છે, દેવતાઓ પણ સહાય કરે છે, ઇષ્ટ અર્થ સિદ્ધ થાય છે, જલ્દી મુક્તિ સુંદરી (મુક્તિમાળ પહેરાવવા આવે છે, તેમજ તેથી કામ વિકાર નષ્ટ થાય છે.) સુંદર રૂપવાન નિરોગી-સશક્ત દેહ થઇ જાય છે, માટે જ આવી અભિલાષાવાળા તેમજ મોક્ષના અર્થી જનોએ આશ્ચર્યકારી એવા તપનું શરણ લેવું જોઇએ, સેવન કરવું જોઇએ......

યુગાદિનાથ શ્રી ઋષભદેવ ભગવાન એક વર્ષ પર્યંત તેમજ ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામિ છ-છ માસ પર્યંત અશન આદિ આહાર રહિત ઉપોષિત પણે વિચર્યાને પ્રમાદ રહિત સંયમ માર્ગને પાળતા ધ્યાનમાં ઝક ઝોળ રહ્યા હતાં, એમ ઉપદેશ માળાદિક શાસ્ત્રગ્રંથો થકી જાણી આત્માર્થી જનોએ એ રીતે તપનું યથાશક્તિ સેવન કરવામાં અધિક આદર રાખવો યુક્ત છે, જરૂરી છે, આવશ્યક છે......

દુષ્કર તપ વડે ઘનઘાતિ કર્મોનો ક્ષય કરી નિર્મળ કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી તીર્થંકરોએ ભવ્ય જીવોના હિત માટે, લાભ માટે, દ્વાદશ વિધ (બાર પ્રકારના) તપનું પ્રતિપાદન કર્યું છે. તેમાં અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ, દેહ દમન) અને કૂર્મવત્ કાય સંલીનતા એ છ પ્રકારનો બાહ્યતપ અને પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ. સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ પ્રકારનો અભ્યંતર તપ કરવાનું પ્રકાશેલ છે, બાહ્યતપ સેવન કરવાનું અભ્યંતર તપની પુષ્ટિ માટે ભગવાને કહેલું છે, તેથી જેમ વિનયાદિક તપોગુણની વૃદ્ધિ થવા પામે તેમ લક્ષપૂર્વક તે બાહ્યતપનું સેવવ કરવું ઘટે છે અને ત્યારેજ તેની સાર્થકતા છે, અભ્યંતર તપર્યા એકાંત હિત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંપજે છે તપવડે સુવર્ણ પુરૂષાદિક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે તેમજ તપ વડે ચિલાતિપુત્રાદિકની પેરે ભવસંતતિ (જન્મ મરણની પરંપરા)નો પણ ક્ષય થાય છે. જુઓ...ચિલાતિ પુત્રે ઉપશમ-સંવરને વિવેક એ ત્રણજ પદોના શ્રવણ મનનને નિદિધ્યાસનરૂપ વજ્રવડે પાપ રૂપ પર્વતનું વિદારણ કરી પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો, અને ભવાંતરમાં કર્મ માત્રનો ક્ષય કરી મુક્તિ સુંદરીની વરમાળા પણ વરશે માટે જ કહ્યું છે કે "જે કંઇ દૂર દૂરારાધ્ય ને દેવતાઓને પણ દુર્લભ છે તે સઘળું તપવડે સાધ્ય થાય છે, આવો છે તપ ધર્મનો અનુપમને અમોઘ-અચિન્ત્ય પ્રભાવ...

શ્રી સિદ્ધચક્ર મહાયંત્રનું આરાધન કરતાં આયંબિલતપ વડે શ્રી શ્રીપાળ મહારાજાનો કોઢ રોગ શાન્ત થયો ને તેઓશ્રીની કાય કંચનવર્ણી થઇ એ રીતે બીજા સાતસો કોઢીયાઓનો ભયંકર રોગ પણ દૂર થયો...

બ્રાહ્મણ સ્ત્રી-બાળ-ગૌ હત્યાદિક દુષ્કર્મ કરનારો મહા ખૂંખાર દઢ પ્રહારી પણ કઠણ ઉગ્ર તપશ્ચર્યા વડે ક્રૂર કર્મનો ક્ષય કરી તેજ ભવમાં સદ્‌ગતિ પામ્યા, મોક્ષે ગયા......

મહાનગરી દ્વારિકામાં દ્વૈપાયન દેવકૃત ઉપસર્ગો આયંબિલતપના પ્રભાવથી બાર વર્ષ સુધી અટકી ગયા, અને જ્યારે લોકો તપ કરવામાં મંદ થયા, શિથિલ પરિણામી થયા ત્યારે ઉપસર્ગો શરૂ થયા ને એ દ્વૈપાયન દેવે સુવર્ણનગરી દ્વારિકા સમસ્તનું દહન કર્યું, બાળી નાંખ્યું અર્થાત પછી એ દેવની કારી ફાવી...

ઇન્દ્રિયો રૂપ વિવર વડે વાંચ્છારૂપ પવનનું ભક્ષણ કરી ચિત્તરૂપી કરંડીયામાં સ્થિતિ કરનારા રાગાદિક દોષરૂપ ભુજંગો અતિ ભયંકર બને છે, પરતુ જો તેમને સર્વથા ભુખ્યા રાખવામાં અવે તે ખરેખર થોડાજ વખતમાં તેઓ નાશ પામે છે, અને પછી પૂર્વે નહિ અનુભવેલું અતિ અદ્‌ભૂત સુખ પ્રગટે છે એવી રીતે તપ વડે ઇન્દ્રિ દમન અને રાગાદિક દોષોનો પણ સર્વથા નિગ્રહ નાશ થાય છે......

કુગ્રહ પીડા અને દૂર્નિમિત્તાદિકનો ક્ષય કરનાર અને સુખ સંપદાને મેળવી આપનાર તપ ખરેખર મહા મંગલકારી છે......

અઠ્ઠમતપના પ્રભાવ વડે માગધ-વરદામ-ગંગા-સિંધુ પ્રભાસાધિપતિ દેવોનો પણ મન માનીતો વિજય દરેક ચક્રવર્તીઓ કરી શકે છે. તપવડે હરિકેશીબલ મુનિ પણ દેવો દ્વારા સેવાયેલા, દેવતાઓ પણ મહાતપસ્વીજનોની સેવા ભક્તિમાં તથા સંકટો નિવારવામાં હાજર રહે છે...

મહાસતિ બ્રાહ્મી સુંદરી ચંદનબાલા દમયંતિ મલયસુંદરી, અંજના, કલાવતિ, નર્મદા, સુંદરી, ઋષિદત્તા, રાજેમતિ, દ્રૌપદી, સુભદ્રા, મદનરેખા, સુલસા, પદ્માવતી, મૃગાવતિ, પ્રભાવતિ વિ. શીલવ્રતને આરાધનારી જૈન શાસના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકાઈ ગયેલી સન્નારીઓ પણ તપ આરાધી સંકટોને દૂર કરેલાને શાશ્વત માટે સુખી થયેલા...

વર્ધમાન તપની ૧૦૦ ઓળી વિ. કરી અખૂટ રાજસમૃદ્ધિના ભોક્તા રાજાધિરાજ શ્રીચંદ્ર મહારાજા પણ કેવલી થઇ મોક્ષે ગયાને તપ ઊપર એમનું નામ આઠસો ચોવીશી સુધી અમર રહેશે......

એક રસનેંદ્રિને જ્યાં સુધી અન્ન જળ નિયમ વગર મળ્યા કરે છે ત્યાં સુધી જીવમાત્રના ઉદગ્ર (આકરાં) કર્મ દેહ દુર્ગ (કિલ્લા)ને તજીને જતા નથી, એ રીતે તો રાગાદિક ઉલટાના મજબુત બને છે. આ શુભ હેતુથી જ અનશન, ઉનોદરી પ્રમુખ બાહ્ય તપનું નિર્માણ સર્વજ્ઞ ભગવંતોએ કરેલ છે, અને સરસ માદક આહાર તેમજ અતિ ઘણો (જરૂર કરતા વધારે) નીરસ આહાર પણ બ્રહ્મચારીજનોને અવશ્ય વર્જ્યો કહ્યો છે, ઇત્યાદિક અનેકાનેક હેતુઓ વડે તપનો અમુલખ-અનુપમને આશ્ચર્યકારી પ્રભાવ અને તપ કરવાની આવશ્યકતા સહજ સિદ્ધ થાય છે, ભવ્ય જીવો તપ ધર્મ કરવામાં ઉદ્યમવંત થાય એજ...



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિગ્રહ પરિમાણુ વ્રત

[ શ્રાવકોના બાર વ્રત તેમાં પાંચમું વ્રત. પરિગ્રહ પરિમાણ તેના પાલનથી બીજા સર્વ વ્રતોનું પાલન થાય છે સુકાષ્ટ-અલ્પસંગવાળો અને આશ્રવને રોકનાર પોતે તરે છે અને બીજા ગુણવાળાને તારે છે.]

પ્રિયંકર નામે એક ગામ. તેમાં વસે દેવદત્ત નામે વણિક. દરિદ્રતા સાથેનો સુમેળ અજબ ગજબનો તેની છાયાની જેમ સાથે ને સાથે મિત્ર પણ નિર્ધન. નામ જો કે જયદત્ત.

એકદા દેવદત્ત ભાતું સાથે લઇને ધન મેળવવા ગ્રામાંતરે જતો હતો. રસ્તામાં ભયંકર અટવી આવી. ત્યાં કોઈ નદીના તીરે ભાતું ખાવા બેઠો ત્યારે વનમાંથી એક સ્ત્રી આવી. તેણીએ આર્ત સ્વરે કહ્યું, "બંધો! મારૂં વચન સાંભળ. અત્યારે ક્ષુધાથી મારા પતિના પ્રાણ જાય છે અન્ન જેવું કોઈ ઔષધ નથી." દેવદત્તે પુછયું, "તેઓશ્રી કયાં છે?" તે સ્ત્રીએ તેને પોતાની પાછળ આવવા કહ્યું થોડે દૂર જતાં, ભૂખથી પીડાતો શ્રાંત, ભ્રાંત અને સંપતિ રહિત એવા પુરુષને જોયો. તેણે પોતાનો હાથ લાંબો કર્યો. એટલે દેવદત્તે તેને ભાતું આપ્યું. ત્યારબાદ તે સ્ત્રીએ તેને પાણી લાવી આપવા કહ્યું જળ કયાં હશે?-તેમ તે વિચારતો હતો ત્યારે તે સ્ત્રીએ તેને નજીકના સ્થળની વાત કરી. તે સ્ત્રી આગળ ચાલી. તેણીએ પાણીનો ખાડો બતાવ્યો. દેવદત્ત તેમાંથી જળ ખેંચવા લાગ્યો ત્યારે તે કપટી સ્ત્રીએ તેને ખાડામાં ધકેલી દીધો પડતાં પડતાં પુણ્યપ્રસાયે વૃક્ષની એક શાખાને વળગી રહ્યો. તે વખતે તેની નજર એક વિવર પર પડી, તરતજ નિર્ભય રીતે, શાખાને છોડી વિવરમાં પ્રવેશ્યો.

આગળ જતાં તેણે વિદ્યાધરને પોતાની સ્ત્રી સાથે સિંહાસન પર બેઠેલો જોયો, દેવદત્તે તે સ્ત્રીને પ્રણામ કરી પુછયું, "બહેન! આ શું? તું અહિં કયાંથી આવી?" તેણીએ કહ્યું, "હે અમૃતના સિંધુ! આ રત્નચુડ નામે મારા સ્વામી છે. રથનૂપુરચક્રવાળના નૃપતિ છે. વૈતાઢય પર્વતમાં મુખ્ય ભવન રૂપ એવું આ અમારૂં ક્રિડા સ્થાન છે. આ અટવીમાં અમે ક્રિડા કરવા આવ્યા ત્યારે નૃપતિએ ઘાટા આમ્રવૃક્ષોનું વન જોઈ, આમ્રફલો ગ્રહણ કર્યા. પણ વનદેવતાની રજા લીધી ન હતી. તે એક વ્યંતરીનું આશ્રમસ્થાન હતું. તેથી તે દેવીએ મારા પતિને બાંધી લીધો. ત્યારે હું દુઃખથી મારૂં મસ્તક છેદવા તૈયાર થઈ. દેવીએ મારો હાથ પકડી, કહ્યું, "વત્સ! આવું સાહસ કેમ કરે છે? તું ઇચ્છિત વરદાન માગી લે" મેં કહ્યું, "મારે તો મારો જે વર છે તે વર જ હો બીજા વરની જરૂર નથી મારા પતિને બંધનમાંથી મુક્ત કરો."

દેવીએ કહ્યું "હું બંધનો મોક્ષ તો કરીશ પણ જયારે તે કોઈ મુસાફરના ભાતાનું ભોજન કરશે ત્યારે તે કદન સાજા થશે. પછી તારે તે મુસાફરને ચાલાકીથી કૂવામાં નાખી દેવો"

દેવતાના કહેવાથી મૂઢ બુદ્ધિવાલી એવી મેં આપને જળમાં ધકેલી દીધા. હે બંધુ! તે અપરાધને ક્ષમા કરો હવે આપ વૈતાઢય પર્વત પર અમારી સાથે આવો અને યત્કિંચિત ઉપકારનો બદલો વાળવાની અમને તક આપો!"

પછી દંપતિ દેવદત્તને પોતાના નિવાસસ્થાને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લઈ ગયા તેને અનેક વિદ્યાઓ આપી તેથી તે વિદ્યાધર બન્યો. દુઃખ સ્થિતિમાં દાન આપવાથી મોટું ફળ થાય છે.

સંપત્તિમાં નિયમ, શક્તિમાં સહનતા, યૌવન-વયમાં વ્રત અને દારિદ્રમાં દાન–ઘણું અલ્પ છતાં મોટો લાભ થાય છે.

ત્યાં દેવદત્ત અનેક કન્યા પરણ્યો, પછી પોતાના મિત્રને ત્યાં બોલાવ્યો, જે ભોજન મિત્ર સહિત (સૂર્યોદય પછી) કરાય છે તે પુણ્યનું કારણ રૂપ છે. જે મિત્ર રહિત કરાય છે તેને મેતામય (અંધકારમય) કહેલું છે

એક વખત અવધિજ્ઞાની, લબ્ધીવાળા સ્વહિત સાધવામાં તત્પર એવા ચારણમુનિ ત્યાં પધાર્યા. દેવદત્ત મિત્ર સાથે વંદન કરવા ગયો. વંદન કરી, પૂર્વે વ્યંતરીએ કરેલા ઉપસર્ગનો વૃતાન્ત પૂછયો. તે સાંભળી મુનિ બોલ્યા, "તે વ્યંતરી પૂર્વભવે તારી બહેન હતી, તે દુઃશીળા હોવાથી તેં ક્રોધથી ઘરબાર કાઢી મૂકી હતી, પાછળથી તાપસી થઈ, હઠથી તપ કરી મૃત્યુ પામી વ્યંતરી થઈ. તારા સત્વગુણને લઈને તે તને કશું કરી શકતી નહિ, પરંતુ તેણે વિદ્યાધરી દ્વારા તારૂં ભોજન લેવરાવ્યું તારા વધ કરવા કૂવામાં નખાવ્યો.

દેવદત્તે ગુરુજીને વિનય પૂર્વક પૂછયું, "પૂજ્ય નરકની પ્રાપ્તિ શાથી થાય ?"

ગુરુએ કહ્યું, "રાજ્યથી સ્વભાવિક રીતે નરકની પ્રાપ્તિ થવાનો સંભવ છે! કારણ કે મોટા પરિગ્રહને લઇને આરંભ થાય છે. તેથી જીવ હિંસા થવાથી, નરકે જવાનો સંભવ છે."

ગુરુદેવના વચનો સાંભળી બન્ને મિત્રોએ હૃદયમાં ભાવના ભાવી, પાપનો નાશ કરનારો રાજ્યગ્રહણ ન કરવાનો નિયમ ગ્રહણ કર્યો. તેમજ નવપ્રકારના પરિગ્રહના ઈચ્છા પ્રમાણનો બીજો પણ નિયમ અંગીકાર કર્યો.

તેવામાં એકદા રત્નચૂડ વિદ્યાધર અપુત્ર મૃત્યુ પામ્યો. વિદ્યાધરોએ આવીને દેવદત્તને આદરપૂર્વક કહ્યું, "અમારા રાજ્યનો ભાર ગ્રહણ" કરો. દેવદત્તે પ્રતિજ્ઞા અને નિયમની યાદી આપી, રાજ્ય ગ્રહણ માટે ના કહી. તેથી તેઓએ જયદત્તને કહ્યું. જયદત્તે રાજ્ય અંગીકાર કર્યું.

જે પ્રાણી આશ્રવને રોકતો નથી, તે સુવૃત હોય તો પણ જડના આશ્રયથી ઘટી પૂરી થવાને અંતે જેમ તે ડૂબી જાય છે તેમ તે સલ્પ સમ-રમાંજ ડૂબી જાય છે. બન્યું પણ એમજ ઘાતકી એવા ગોત્રના લોકોએ જયદત્તને મારી નાખ્યો મરીને તે નરકને પ્રાપ્ત થયો. દેવદત્તે વ્રતનું સંપૂર્ણ પાલન કર્યું તેથી તે આયુષ્ય પૂર્ણ થતાં બારમા દેવલોકને પામ્યો.

**—શ્રી વિમળનાથ ચરિત્રમાંથી**

## તૃષ્ણા–પરિગ્રહ

જ્યાં ધન હોય ત્યાં ધમાલ,
જ્યાં નહિં જર, ત્યાં શું જંજાળ,
જ્યાં પરિગ્રહ ત્યાં પાપ અપાર
જ્યાં સંતોષ ત્યાં સુખ અપાર

**અમરચંદ માવજી શાહ,**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ॐ શાંત-સુધારસ. ॐ

રચયિતા :- પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી મ. સા.

[ ભવ વનમાં ભૂલા ભમતા ભવ્યજીવોને આશ્વાસન અને સાન્ત્વના દ્વારા સમાધિ પ્રાપ્ત કરાવી અનુક્રમે મોક્ષનગરમાં પહોંચાડનાર ભોમિયા-માર્ગદર્શક તુલ્ય અનિત્યત્વાદિ બાર ભાવના અને મૈત્રી આદિ ચાર ભાવના સ્વરૂપ શ્રી શાંતસુધારસ ગ્રંથ. ] 卐 વિવેચક :-મુનિરાજશ્રી રવીન્દ્રસાગરજી મ.

## અનિત્ય ભાવના ગેયાષ્ટક

**मूढ ! मुह्यसि मुधा मुढ ! मुह्यसि मुधा**
**विभवमनुचिन्त्य हृदि सपरिवारम् ।**
**कुशशिरसि नीरमिव गलदनिल कम्पितं**
**विनय ! जानीहि जीवितमसारम् मूढ ॥१॥**

પૂ૦ ઉપા. શ્રી વિનયવિજયજી મ૦ સંસારી આત્માને 'મૂઢ" કહીને સંબોધે છે, કારણ કે-મૂઢનો અર્થ થાય છે હિત અને અહિતના વિવેક વિનાનો ખરેખર ! સંસારના પદાર્થોમાં મમતા કરનારો આત્મા વિવેક વિકલ હોવાના કારણે મૂઢ જ છે, તો પણ જેમ પિતાજી, પોતાના મૂર્ખ પુત્રને દુઃખી થતો જોઈ શક્તો નથી, હૃદયમાં કરૂણા ઉપજે છે અને અવસર જોઈને સદ્બોધ પણ આપે છે. તો પણ તે વિવેક વિનાનો મૂર્ખ પુત્ર હિતશિક્ષાને ગ્રહણ કરતો નથી અને વધારે ને વધારે દુઃખના દરિયામાં ડૂબતો જ જાય છે.

પોતાના પુત્રની આવી દુર્દશા જોઈને વિવેકી પિતાને ખૂબ જ લાગી આવે છે અને અતિશય સ્નેહના કારણે જેમ "મૂઢ" શબ્દથી સંબોધે છે તેવીજ રીતે આ વિશ્વમાં જિનેશ્વર આદિ મુનિવરો ભવ્ય જીવોને વારંવાર હિતકારી માર્ગ આદરવા દુઃખદાયી માર્ગનો ત્યાગ કરવા યુકિત પૂર્વક વિવેચન કરીને સમજાવે છે તો પણ મિથ્યાત્વ અને અવિરતિના મહાદોષને પરવશ થયેલો સંસારી ભવ્ય આત્મા જિનવચન સાંભળવા ઇચ્છતો જ નથી. કદાચ કોઇના આગ્રહ વશ થઈ સાંભળે ખરા પણ શ્રદ્ધા કરે નહિં.

કદાચિત્ કોઇક પુણ્યાત્માને મિથ્યાત્વની મંદતાથી કે ક્ષયોપશમથી સહેજ શ્રદ્ધા થાય પરંતુ અપ્રત્યાખ્યાનાવરણ કષાય મોહનીય કર્મના ઉદયના કારણે તે જરા પણ હિતમાર્ગે પ્રવર્તિ શકતો નથી.

કદાચિત્ કોઈક આત્મા પુરૂષાર્થ કરીને હિતમાર્ગે પ્રવૃત્તિ કરે તો તે સમયે આવી પડનારા વિઘ્નોના કારણે ગભરાઈ જઈને હિતમાર્ગને તજી દે છે.

આવી અવસ્થાને પામેલા ભવ્ય જીવોને અનુગ્રહ-બુદ્ધિના નિધિ એવા જિનેશ્વરોના વચનોનું ઉચ્ચારણ કરતા પૂ૦ ઉપા. શ્રી વિનયવિજયજી મ૦ સા. કહે છે કે-

હે હિત અહિતના વિવેક શૂન્ય મૂઢ ! **आत्मन् !** તું અણસમજના કારણે જ નકામો જ આ વિશ્વના પૌદ્ગલિક પદાર્થોમાં મોહ-મમતા કરતો મુંઝાય છે.

પરિવાર સહિતના વૈભવને હૃદયમાં ચિંતવતો એવો તું હે પુણ્યાત્મન્ ! તું નકામોજ મુંઝાય છે.

કેમકે-તુ એમ ચિંતવે છે કે-

આ સુંદર સાત માળનું મંદિર મારૂં છે.

દુકાન પેઢી, મારા જીવનનો આધાર છે.

વિનયવતી અને કહ્યાગરી આ સ્ત્રી મને અનુકૂળ છે.

વિનયી અને વિવેકી પુત્ર અને પુત્રીઓના કારણે હું સુખી છું.

નોકર ચાકર સેવકો પણ નીતિવાળા અને કર્તવ્યનિષ્ઠ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વજન-જ્ઞાતિજન અને નગરમાં મારી ઈજ્જત આબરૂ સારી છે.

ઇત્યાદિ માયાજાળ તુલ્ય અનેક વિકલ્પો કરીને તું ભ્રમમાં જ રહે છે પણ તું જાણતો નથી કે–

આ જીવનના કારણ ભૂત આયુષ્યના દલિયા ડાભના અગ્રભાગ ઉપર રહેલા જલની બિંદુ જેવા જ છે. સહેજ પવનનો ધક્કો લગે કે તુર્ત જલ બિંદુ વિખરાઇ જાય, તેવી જ રીતે આ નર ભવનું આયુષ્ય પણ સોપક્રમો હોવાથી તેવા પ્રકારના કોઇક નિમિત્ત મળતા માર્ગમાંજ હતો ન હતો થઈ જઇશ, માટે અર્થાત્ કારણ પામીશ. પુણ્યના ઉદયથી મળતા આ જગતના બાહ્ય વૈભવને વિશે મોહ-મમતા તજીને સદ્ગુરૂનો સહયોગ પ્રાપ્ત કરી પુણ્યોદયથી પ્રાપ્ત એવા આ વૈભવનો સાતે ક્ષેત્રમાં વિનિયોગ કરી કૃતાર્થ થા, અને આ નર જન્મને સફળ કર !!

**पश्य भङ्गुरमिदं विषयसुखसौहृदं**
**पश्यतामेव नश्यति सद्यासम् ।**

**एतदनुहरति संसाररूप रयाद्**
**ज्वलज्जलदबालिका रुचिविलासम् मूढे ॥२॥**

પહેલી ગાથામાં આયુષ્યની અસ્થિરતા બતાવી હતી. હવે આ ગાથામાં વિષય સુખની ક્ષણ ભંગુરતા વર્ણવતાં પૂજ્ય ઉપા. શ્રી વિનયવિજયજી મ૦ સ૦ કહે છે કે–

હે પુણ્યાત્મન્ ? કદાચ માનો કે-પૂર્વ જન્મમાં ધર્મની આરાધનાના પ્રભાવે દીર્ઘ આયુષ્ય મળ્યું, પણ તે અવસરે દીર્ઘ આયુષ્ય દરમ્યાન જો પુન : ધર્મની આરાધના ન કરતાં, ન કરવા જેવા જો વિષય કષાયોને આદર્યા તો મળેલું આ દીર્ઘ આયુષ્ય નિષ્ફળ જ છે એટલું જ નહિં પણ અનર્થકારી છે એમ જાણ !!!

વળી તું જ અનુભવ કરી જો કે-વૈષયિક સુખ કેવું ક્ષણિક-ક્ષણભંગુર છે !!!

૧. શ્રોત્રેન્દ્રિય-સાંભળવાનું સુખ તો જ્યાં સુધી ગીત કે પ્રશંસાના શબ્દો સાંભળીએ ત્યાં સુધી જ આનંદ આવે પણ વચ્ચે જ કોઈક અશુભ સમાચાર સાંભળાય કે કોઇક અપમાન કરે તો તુર્ત ક્રોધ-કષાય થાય છે. કે શોક અને અરતિથી આત્મા પીડાય છે.

તેજ રીતે ચક્ષુરિન્દ્રિય=જોવાથી=ફીલ્મ કે ચિત્ર જોવાથી પણ તાત્કાલીક ક્ષણિક જ સુખ છે, અરે! કેટલીક વખત તો અમુક ચિત્રને જોયા પછી જો તે વસ્તુની પ્રાપ્તિ ન થાય તો પુણ્યહીન એવો તે મૂઢ જીવ આર્તધ્યાનથી આપઘાત પણ કરે છે.

એજ પ્રમાણે ઘ્રાણેન્દ્રિય-ગંધનો લાલચુ જીવ ક્ષણિક સુખમાં મગ્ન થઇને ભમરાની જેમ પ્રાણ ગુમાવે છે

રસનેન્દ્રિયના વિષય સુખના સાધનોમાં મુખ્યતયા મિઠાઇઓ અને ફરસાણોનો લાલચુ જીવ ભાન ભૂલીને રસનેન્દ્રિયને આધીન થઇને તે તે વસ્તુઓ આરોગે છે, ખાવાનો સ્વાદ તો જ્યાં સુધી વસ્તુ જીભ ઉપર હોય ત્યાં સુધીજ રસનો સ્વાદ આવે છે ગળાથી નીચે ઉતર્યા બાદ તો બધુજ સરખું !!!

અરે ! કદાચ દુધપાક જમ્યા પછી જો વમન થઇને દુધપાક બહાર નિકળે તો તે શું જોવો પણ ગમે ખરા ?

ન જ ગમે !!!

અરે ! ઉલટું તેને સાફ કરાવવાના પૈસા આપવા પડે (!) અને જો ખાવા-પીવામાં ધ્યાન ન રાખ્યું તો રોગ થાય તે નફામાં, કે જેના પરિણામે ડોકટરને ત્યાં ૯૯ કરવી પડે !!!

એ જ રીતે સ્પર્શેન્દ્રિયનું સુખ પણ ક્ષણિક જ છે ! સંસારી જીવ સ્ત્રીના સંયોગમાં સ્પર્શજન્ય જેને સુખ માને છે પણ તત્ત્વ દષ્ટિએ વિચારતાં તો લાગે છે કે તે મહાદુઃખ જ છે. કેમ કે પ્રાણનો આધાર જે વીર્ય તેનો નાશ થાય છે, અરે ! તે સમયે ક્ષણ વાર તો પુરૂષ બીલકુલ બેભાન બની જાય છે.

અરે ! જેમાં અપાર કર્મબંધ અને પ્રાણનો પણ સંદેહ હોય તેને સુખ કહેવાય ખરૂં ? ન જ કહેવાય !!

માટે જ પૂજ્ય ઉપા. શ્રી વિનયવિજયજી મ૦ સા૦ કહે છે કે-ઇન્દ્રિયોના વિષય જન્ય આ સુખ વારતવમાં સુખ જ નથી પણ સુખાભાસ જ છે, અને તે પણ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિજળીના ચમકારા જેવું ક્ષણિક અને વિયોગના અપાર દુઃખવાળું છે.

વિજળીનો ચમકારો જેમ જોત જોતામાં અદૃશ્ય થાય છે તેવીજ રીતે આ સંસારના વૈષયિક સુખો પણ હાથ તાળી દઇને તત્કાલ નાશી જાય છે.

જેમ પેલી હાસા અને પ્રહાસા દેવીઓ કામી એવા કુમાર નંદિ સુવર્ણકારને હાથ તાળી દઇને નાશી ગઈ હતી. (અપૂર્ણ)

(અનુસંધાન ટાઇટલ ૧નું ચાલુ)

**(૨) મેરે કહે તેં ખીજ ન કીજે, તું એસીહી સીખાવે,**
**બાહોત કહે તેં લાગત એસી, અંગુલી સરપ દીખાવે; (અ)**

હું તને કહું છું તેથી તું મારા પર કોપાયમાન થા નહીં. તને ઘણું કહેવાથી કદાપિ અંગુલી સર્પન્યાય પ્રમાણે ખેદ થાય એમ લાગે. વારંવાર મારા સ્વામીને કહેવાથી તેઓ મારા પર ક્રોધી બની જાય એમ પણ સંભવ રહે છે. તો પણ હે અનુભવ ! તારામાં અપૂર્વ શક્તિ છે તેથી તું ચેતનને, મનાવી ઠેકાણે લાવ,

**(૩) ઔરનકે સંગ રાચે ચેતન, ચેતન આપ બતાવે,**
**આનંદઘનકી સુમતિ આનંદા, સિદ્ધ સરૂપ કહાવે; (અ)**

હે અનુભવ ! આત્મારૂપ સ્વામી અન્ય મમતાના સંગમાં રાચે છે–તે પોતાની મેળેજ પરભાવરમણતાથી બતાવી આપે છે જો તેને આનન્દવાળી સુમતિની સંગતિ હોત તો આવી તેમની દશા થાત નહીં. સુમતિની સંગતિ જો આત્મા કરે તો આનન્દનો ઘન અને સિદ્ધ સ્વરૂપ કહેવાય, આનન્દઘનની સુમતિ આનન્દ સ્વભાવાળી છે. તેથી મમતાનો ત્યાગ કરી સુમતિનો સંગ કરવાનું તું આત્માને કેમ કહેતો નથી ?

## શ્રમણોપાસના

શ્રવણ થાય જો શ્રમણ મળે,
ભ્રમણા જાયને ભ્રમણ ટળે
મમતા ગળે ને સમતા મળે
જન્મ મરણની ચિંતા ટળે

**અમરચંદ માવજી શાહ**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## દશ આશ્ચાર્ય :—

(૧) કેવળજ્ઞાન થયા પછી તીર્થંકરને ઉપસર્ગ
(૨) ગર્ભનો અપહાર
(૩) સ્ત્રી તીર્થંકર
(૪) અભાવિત પર્ષદા ધર્મ ન પામે તેવી પર્ષદા
(૫) અમરકંક નગરીમાં કૃષ્ણ વાસુદેવનું જવું તે
(૬) સૂર્ય-ચંદ્રના વિમાનનું ઉતરવું
(૭) હરિવંશ કુળની ઉત્પત્તિ
(૮) ચમરેન્દ્રનો ઉત્પાત-ચમરેન્દ્રનું સૌધર્મદેવલોકમાં જવું તે
(૯) એક સમયે એકસોને આઠનું સિદ્ધ થવું
(૧૦) અસંયતિની પૂજા

**આ દશ આશ્ચાર્ય અનંતકાળે થાય છે.**

જિનેશ્વર ભગવંતની અષ્ટ પ્રકારે પૂજા કરવી વાસ, કુસુમ, અક્ષત, ધૂપ, દીપ જળપાત્ર ફળ અને નૈવેદ્ય

—આ પ્રકારે પૂજા કરવાથી, આ જગતમાં એવું કંઈ સુખ કે કલ્યાણ નથી કે જે પામી ન શકાય.

(૧) બાવના ચંદન યુક્ત ધનસારના સુગંધી ગંધથી જિન પૂજા કરતાં ભવ્યો સુગંધી દેહ પામે છે.

(૨) નવમાલતી, કમળ, કદંબ, મલ્લિકા પ્રમુખ પુષ્પમાળાથી પ્રભુની પૂજા રચતાં ભવ્યો શિવ-સુખને પ્રાપ્ત કરે છે.

(૩) કાંતિરૂપ જળથી પૂર્ણ એવા જિનપદરૂપ ક્ષેત્રમાં ધરેલ અક્ષત તે દિવ્ય સુખરૂપ શસ્ય-સંપત્તિને પેદા કરે છે.

(૪) જિનેશ્વર સમક્ષ, ધનસાર, અગરૂમિશ્ર ધૂપ કરતાં ઉછળતા ધૂમ પડળના મિષ તે પાપને દૂર હડસેલી મૂકે છે

(૫) સુંદર ભક્તિથી જેઓ જિનમંદિરમાં દીપ આપે છે તેઓ ત્રણે ભુવનમાં એક-દીપત્વને પામે છે

(૬) જગતગુરુની આગળ જે જળપૂર્ણ પાત્રો ધરવામાં આવે છે તે ખરેખર ! પૂર્વોપાર્જિત દુઃખોને જલાંજલી આપે છે.

(૭) પરિપાકને પામેલા અને વિશિષ્ટ ગંધયુક્ત એવા તરુફળોથી જિનપૂજા કરતાં મનવાંછિત ફળ પમાય છે

(૮) બહુ ભક્ષ્ય અને વ્યંજન સહિત ઓદન પ્રમુખ વસ્તુઓ વડે જે ભવ્યો બલિ રચે છે તે ધન્ય આત્માઓ સુખ-નિધાનને સ્વાધીન કરે છે. જે કંઈક પ્રશસ્ત વસ્તુ છે તે તે પુણ્યવંત જતી. પ્રભુને ધરાવે છે. તેમ દાન પણ નિયાણા વિના આપવામાં આવે તો સુગતિના કારણરૂપ કલ્યાણ પરંપરાને પ્રગટાવે છે.


## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ ૨ જો** પ્રકાશીત થયેલ છે જેની મર્યાદીત નકલો હોવાથી તાત્કાલીક મંગાવી લેવા વિનંતી છે. મૂળ કીંમતે આપવાનો છે તેની મૂળ કીમત રૂપીઆ પાંત્રીશ રાખેલ છે. તો તાત્કાલીક મંગાવી લેવા વિનંતી.

:- સ્થળ -:

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક.** : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ઓગણ ચાલીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતિ.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નારણદાસ રામજી શાહ મેમોરિયલ હોસ્પિટલ
# તળાજા (સૌરાષ્ટ્ર)

**સ્થળ :**– હોસ્પિટલ માટે સ્થળની પસંદગી આહ્લાદક છે. પવિત્ર નદી શેત્રુંજી અને તળાજાના સંગમ નજીકનું સ્થાન તે પરથી વહેતી પવન લહેરીઓ અર્ધું દર્દ દૂર કરવા શક્તિવાન છે. મહાતીર્થ શંત્રુંજયની આઠમી ટૂંક-તે તાલધ્વજગિરિ. તેની છત્ર છાયા એટલે શાંતિની અપૂર્વ સીમા. ચોમેર હરિયાળા ખેતરો—સોનામાં સુગંધ મેળવે તેવા–આવું રળિયામણું તે સુખકર સ્થળ.

**સત્ય ઘટના :**– આ સુરમ્ય અને સુખદ હોસ્પિટલ પાછળ સત્ય ઘટના ચમત્કાર સર્જી ગઇ છે શ્રીમાન કાન્તિભાઇ નારણદાસના માતુશ્રીની એક બાજુ માંદગી અને બીજી બાજુ આર્થિક ભીંસ. સુસારવાર માટે અનેક પ્રયત્નો પણ બધાં જ નાકામયાબ બન્યા, તેમના માતુશ્રીની સારવાર સુયોગ્ય રીતે ન થઇ શકી તે ઘટના–બીના હૈયે વજ્ર લેપ બની. તેથી જ સંકલ્પ કર્યો કે ગ્રામ-વાસીઓ સારવાર–સુવિધા વંચિત ન રહે તેવું કાર્ય કરી ઝંપીશ. પુણ્ય કર્મ ઉદિત થયું અને સ્થિતિએ કરવટ બદલી. સંકલ્પની સતત્ યાદી મૂર્ત સ્વરૂપ પાંમવા ઝંખી રહી હતી.

**સુયોગ :**– પુણ્યવંતા કાર્યમાં સુયોગ આપો આપ સાંપડે છે. તળાજા જવાહર ચોકમાં આવેલ વંડાની જગ્યા મળી ગઇ. શુભ સમયે શ્રી વૃજલાલ રતિલાલ દૂધવાળાના વરદ્ હસ્તે ભૂમિ પૂજન કરવામાં આવ્યું. ઈમારત કેવી અને કેવડી બાંધવી–તેના વિચારમાં શ્રી કાન્તિભાઇ ખોવાઈ ગયા. કમર કસી સ્વયં કામ હાથ ધર્યું રાત દિવસના પરિશ્રમ બાદ ત્રણ મજલા સાથે ૫૦,૯૯૦ ચોરસ ફૂટનું બાંધકામ પૂર્ણ થયું. where there is a will there is a way– એ ઉક્તિ સત્ય બનાવી.

**સુવિધા :**– હવે પ્રશ્ન ખડો થયો તેમાં પ્રાણ પૂરવાનો. અનેક સ્નેહિજનો, ડોકટરો, નિષ્ણાતોનો સંપર્ક સાધ્યો, સલાહ, સૂચનો મેળવ્યા મનોભૂમિના ફલક પર ચિત્રપટ અંકિત કર્યું કાર્યે વેગ પકડયો.

એક સો પથારીઓ (Beds) ની સગવડ, અને જુદા જુદા દર્દો માટે અલગ અલગ વિભાગો રચવાનું નક્કી કર્યું છે. વીસમી સદીમાં દષ્ટિગોચર થતાં લગભગ તમામ રોગોની ચિકિત્સા અને સારવારનું ભગીરથ કાર્યનું આયોજન એરણ પર ચડી ચૂક્યું છે. અગિયાર સ્પેશ્યલ વોર્ડ અને જુદા જુદા વિભાગના સાત જનરલ વોર્ડ–ઉપરાંતમાં એમ્બ્યુલન્સ સગવડ અને દરદીઓ માટે ભોજનની વ્યવસ્થા.

**પ્રશિસ્ત :**– ખરેખર આ મહાભારત કાર્ય માટે જેટલા પ્રશંસા પુષ્પો ચઢાવીએ તેટલા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓછાં. ધન્ય છે શ્રીમાન કાન્તિભાઈને, ધન્ય છે તેમના માત-પિતાને. સંસ્કારના બીજ, ઉન્નત વૃક્ષ રૂપે જોનાર પણ ધન્યતા અનુભવે છે.

**ખર્ચ** :- આવી સંપૂર્ણ સુવિધા માટે ખર્ચનો આંક કલ્પી શકો છો ?

આર. સી. સી. બાંધકામ સાથે ભોંય તળિયું + ૩ મજલા લીફ્ટ અને **R. C. C** રેમ્પની સુવિધા સાથે ૫૦, ૯૯૦ ચોરસ ફુટના બાંધકામ પાછળ શ્રી કે. એન. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી પાંત્રીસ લાખ રૂપિયા ખર્ચાયા છે. અદ્યતન સાધનો જેવાં કે એકસ-રે-મશીન વગેરે પાછળ ત્રીસ લાખ રૂા. નું અંદાજી ખર્ચ અને એક દરદી પાછળ રોજ રૂા. ૫૦ ખર્ચ ધારેલ છે.

**આવક** :- ઉપર્યુક્ત ખર્ચને પહોંચી વળવું તે બાળકના ખેલ નથી. તેથી કાયમી ધોરણે નિભાવ ફંડ પણ માતબર રકમનું હોવું જરૂરી છે. રૂા ૨૦ લાખના અંદાજ પત્રમાં પાંચેક લાખની આવકના સાધનો ઉભા થાય તેવું ભંડોળ આવશ્યક છે. બાકીના ખર્ચ માટે સરકારી ગ્રાન્ટ, હોસ્પિટલની આવક, સ્વૈચ્છિક જાહેર દાન પર આધાર રાખી શકાય. આ રીતે ઓછામાં ઓછા ૬૦ થી ૭૦ લાખના નિધિની જરૂરિયાત છે.

**અપીલ** :- આવા મહાન કાર્ય માટે દરેકે પોતાથી બનતું કરી, આર્થિક સહાય અર્પવા તત્પરતા દાખવવી જોઈએ, હાલ અગર બ્લડ બેંક, ઔષધ બેંક, વગેરેમાં ૫૧૦૦ રૂા. આપી આપનું મુબારક નામ જીવનસાર્થકવાળું બનાવો.

દવાખાનામાં જોઈતા જરૂરી સાધનો જેવાકે વોટર કુલર, ફ્રિજ, લોખંડના કબાટ, પંખા પૂરા પાડી યશભાગી બનો.

એટલું જ નહિ પણ આપના મિત્રો અને સંબંધીઓને પણ તમારા કાર્યમાં ભાગીદાર બનાવો એવી અભ્યર્થના.

ઓફિસ
૨૬૪, સેમ્યુઅલ સ્ટ્રીટ વડગાદી
મુંબઈ-૪૦૦૦૦૩

**પોપટલાલ આર. સલોત**
તંત્રી

— ० —

## હૃદયરોગ નિદાન ચિકિત્સા શિબિર : તા. ૫ ને ૬-૨-૮૩

સૌજન્ય :- ઉદાર દાનવીર શેઠશ્રી ચિમનલાલ નાગરદાસ શાહ તથા શેઠશ્રી ફૂલચંદભાઈ જેકિનદાસ વખારિયા તથા અન્ય દાતાઓ

## હોમિયોપેથિક ચિકિત્સા શિબિર :-

સૌજન્ય :- ઉદાર દિલ શેઠશ્રી દિલીપભાઈ સૌભાગ્યચંદ મહેતા

## ચશ્મા વિતરણ શિબિર

સૌજન્ય :- શ્રી અઠવાગેટના જૈનભાઈઓ તરફથી ઉપર્યુક્ત સેવા કાર્યો પ્રેરણાદાયક અને



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લાભદાયક બની અનેરી મહેક મહેંકાવી ગયા ખૂબ ખૂબ અનુમોદના અભિનંદન અને પ્રશંસા-પુષ્પો સહ બીરદાવીએ છીએ.
શ્રી આત્માનંદ સભા ભાવનગર

## બોમ્બે માર્કેટ-સુરત નગરે શ્રી મહાવીર જૈન સાધર્મિક કલ્યાણ કેન્દ્ર

શ્રી મહાવીર વિદ્યાર્થી કલ્યાણ કેન્દ્ર સંચાલિત શ્રી મહાવીર જૈન મેડિકલ સેન્ટર (મુંબઈમાં) શનિવાર તા. ૨૯-૧-૮૩ થી તા. ૧૨-૨-૮૩ સુધી

(૧) શ્રી મહાવીર નેત્રયજ્ઞ શિબિર સૌજન્ય ગં. સ્વ. મફતબેન ઉત્તમલાલ પેથાણીની સદ્‌ભાવનાથી-શેઠશ્રી ઉત્તમલાલ ચેલજીભાઈ પેથાણી ચેરીટેબલ ટ્રસ્ટ તથા સ્નેહીવર્ગ તરફથી.

(૨) દંતયજ્ઞ શિબિર વિના મૂલ્યે તા. ૩૧-૧-૮૩ થી ૪-૨-૮૩ સૌજન્ય દાનવીર શેઠશ્રી અરવિંદભાઈ તારાચંદ શાહ તરફથી

(૩) પ્લાસ્ટિક સર્જરી શિબિર : તા. ૨૯-૧-૮૩ થી ૪-૨-૮૩ સૌજન્ય :- ઉદારદાતા શેઠશ્રી કિરીટકુમાર અમૃતલાલ શાહ વગેરે

## પ્રકાશન સમારોહ :-

શ્રી જૈન આત્માનંદ સભા દ્વારા તીર્થંકર ભગવંત શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ અને શ્રી શત્રુંજય લઘુ તીર્થદર્શન પ્રકાશન સમારોહ તા. ૩૦-૧-૮૩ રવિવારે પ. પૂ૦ ઉપાધ્યાયજી મહારાજ સાહેબ **સૂર્યોદયસાગરજી** તથા **પ.પૂ. ગણિવર્ય અશોકસાગરજી** મહારાજ સાહેબની પુનિત નિશ્રામાં ઉલ્લાસપૂર્વક ઉજવાયો હતો. શ્રીમાન શેઠશ્રી મુળચંદ ગોરધનદાસ વોરાના સુપુત્ર કેશુભાઈ તથા તેમના કુટુંબ પરિવારે હાજર રહી પ્રકશનના નિમિત્ત દાતા બની આ પ્રસંગને સુયોગ્ય બનાવ્યો હતો: શ્રી જૈન આત્માનંદ સભાના સર્વ હોદ્દેદારો તેમજ કાર્યવાહક સમિતિના સભ્યો અને અન્ય વિદ્વાન-જનોની હાજરી જ્ઞાન-પ્રસારના કાર્ય માટેની ધગશ અને હોંશ દર્શાવતી હતી. પ્રાર્થના ગુરુદેવોના ઉપદેશ અને અન્ય વક્તાઓના વકતવ્ય પ્રસંગને અનુરૂપ હતાં શ્રોતાજનો પર પ્રસંગની અનેરી છાપ પડી હતી. પેંડાની પ્રભાવના શ્રી કેશુભાઈ તરફથી હતી. તેમજ મહેમાનો માટેની સુવિધા તેમજ સત્કાર તેમના તરફથી હતા. સહુની આંતરિક અભિલાષા અને પ્રાર્થના એજ હતી કે શ્રી આત્માનંદ સભા દર વર્ષે આવા અનેક પુસ્તકો બહાર પાડે અને જ્ઞાન પ્રસાર વધુને વધુ કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Atmanand Prakash Regd. G. BV. 31

# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ટિ શ્લાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨–પૂર્વ ૩–૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦–૦૦ |
| ત્રીશષ્ટિ શ્લાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨–૩–૪ પ્રતાકારે ( મુળ સંસ્કૃત ) | ૨૦–૦૦ |
| દ્વાદશાર નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦–૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦–૦૦ |
| શ્રી નીર્વાણ કેવલી ભુક્તી પ્રકરણ–મૂળ | ૧૦–૦૦ |
| જિનદત્તા આખ્યાન | ૮–૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહઃ | ૨–૦૦ |
| શ્રી સાધુ–સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫–૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨–૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧–૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫–૦૦ |
| શ્રાવકધર્મ વિધિ પ્રકરણમ્ | ૫–૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ | ૩૫–૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦–૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩–૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮–૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮–૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪–૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩–૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧–૨–૩ સાથે | |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| લે.સ્વ. પૂ. આ. શ્રીવિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦–૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩–૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩–૦૦ |
| ચાર સાધન | ૩–૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલી વિશેષાંક : પાકુ બાઇન્ડીંગ | ૮–૦૦ |
| ધર્મબીન્દુ ગ્રંથ | ૧૦–૦૦ |
| સુક્ત રત્નાવલી | ૦–૫૦ |
| સુક્ત મુક્તાવલી | ૦–૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩–૦૦ |
| ધર્મ પરીક્ષા ગ્રંથ | ૩–૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧–૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧–૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧–૦૦ |
| તીર્થંકર દર્શન ચોવીશી | ૫–૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩–૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦–૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧–૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩–૦૦ |
| નવપદજીની પૂજા | ૩–૦૦ |
| આચારોપદેશ | ૩–૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨–૦૦ |
| ભક્તિ ભાવના | ૧–૦૦ |
| હું ને મારી બા | ૫–૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦–૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

મુદ્રક : સ્વ શેઠ હરિલાલ દેવચંદ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ ભાવનગર.

For Private And Personal Use Only